# LETTER OF BINDING

If any material in special case is not available as per specification then in that case we will bring in good quality of materials as approved by the department from the other sources of supply and will not claim for any compensation there of.

Dated Signature
Of the contractor

Executive Engineer,
Capital Project Division No.1,
Gandhinagar.

# SPECIAL CONDITIONS OF CONTRACT

**(A)** The contractor shall have to demonstrate the experience and relevant machinery for execution of rehabilitation of structures using construction chemical light polymers, polymers bonded treatment, cementations polymer treatment, repairs of R.C.C. work using polymer compounds, low pressure grouting, gunniting over weld mesh jali, stitching and providing external and external bond for providing earthquake resistance, chemical damp proofing, chemical water proofing etc. He should have experienced supervisory staff in this work and own labour or labour contractors of such work. He should produce proof of this type of work and machinery in the absence of such proof his offer is likely to be rejected.

**(B)** Methodology to be adopted for safety of existing quarters during construction activity :

**1.** During execution work if it is found that supports are required to be provided for safety of work it is to be provided without any extra payment. Supports shall be got approved by Engineer in charge.

**2.** No scaffolding shall be supported on wall either on inner or outer face of the wall. Double scaffolding is to be provided without any extra cost as per site condition.

**3.** Demolition of plaster work shall be carried out in such a manner that either side i.e. outer or inner wall face, shall be demolished i.e. only one wall (Not all walls at a time). No plaster of whole building is to be demolished at a time and it should not be kept exposed for a long time. After demolishing of plaster of one wall, new plaster is to be applied immediately. After plastering one wall, another wall should to taken on hand.

**4.** During demolishing/ dismantalling procedure no sudden thrust should develop on wall or on slab. Work shall be done very carefully to avoid any accident during the work.

**5.** Walls shall not be wetted fully. (Completely saturated)

**6.** Outside plaster work shall be started from terrace to bottom. Construction sequence is given in the tender drawings and shall be followed accordingly.

**7.** Demolished/ dismantled material shall not be thrown on slab or outside through opening. Dismantled demolished material shall be put slowly on slab so that no jerk is developed. This material shall be disposed off through staircase by manually by carrying material downstairs slowly.

**8.** Shrubs shall be removed is such a way that no quantity of brick work or concrete work shall come out along with shrubs.

**9.** While replacing on providing water supply/ sanitary items, joints shall be checked properly. No leakage shall be observed at the time of testing and latter on.

**10.** Safety shall be assured around the blocks to avoid any accident.

**11.** Care shall be taken during the grouting and gunniting so that trust is not produced on wall.

**12.** Grouting should be done at least up to the depth of 30cm below the ground level on the outer side of wall.

**13.** All dismantled and scrapped material should be removed from the site at regular interval as directed by Engineer in charge. So that no obstruction is caused during execution of works.

**14.** Area of work shall be covered with tarpolin while execution in rainy season to avoid any damage to structure due to rain.

**15.** As the work is of special nature it shall be carried out as directed by Engineer in charge. Consultant if appointed by the Govt.

Dated Signature
Of the contractor

Executive Engineer,
Capital Project Division No.1,
Gandhinagar.

**FORM OF BANK GUARANTEE (UNCONDITIONAL) FOR SECURITY FOR PERFORMANCE**
**[INITIAL AND ADDITIONAL SECURITY DEPOSIT]**

TO : (Name of Employer) ______________________________
(Address of Employer) ______________________________
______________________________

WHERE AS (Name and Address of Contractor)____________________________
Hereinafter called "THE CONTRACTOR" has undertaken, in pursuance of contract No.________________ Dated________ to execute (Name of contractor and brief description of work) (Hereinafter Called "THE CONTRACT")

AND WHERE AS you have stipulated it in the said contract that the contractor shall furnish you with a Bank Guarantee by a recognized Bank for the sum specified therein as security for compliance with his obligation in accordance with the contract:

ALL WHEREAS we have agreed to give the contractor such a Bank Guarantee.

NOW THEREFORE we hereby affirm that we are the Guarantee and responsible to you, on behalf of the contractor, up to a total of (Amount of Guarantee)________________ (in words) ______________________________ such sum being payable in the types and proportions of currencies in which the contract price is payable a new we undertake to pay, upon your first written the demand and without oval or argument, any sum of sums within the limits of (Amount of Guarantee) _______________ as aforesaid without lour needing to prove of to show grounds or reasons for your demand for the sum specified therein.

We hereby waive the necessity of your demanding the said debt from the contractor before presenting us with the demand.

We further agree that no change or addition to or other modification of the terms of the contract or of the works to be performed there under or any of the contract documents which may be made between you and the contractor shall in any such change, addition or modification.

This guarantee is valid until the date (twelve months) after the issuing of the maintenance certification.

SIGNATURE AND SEAL OF THE GUARANTOR

Name of Bank : ______________________________
Address : ______________________________
Date : ______________________________

- * Bidders are NOT required to complete this form,
- * An amount in to be inserted by the guarantor, representation the percentage of the contractor price specified in the contract, And denominated either in the currency (iea) of the contractor of in a freely convertible/ acceptable to the employer.

Dated Signature
Of the contractor

Executive Engineer,
Capital Project Division No.1,
Gandhinagar.

## એકરાર પત્ર

ઉપરોકત પરિશિષ્ટોમાં આપેલ ભાવો ટેન્ડરમાં ભરેલ ભાવોની ચકાસણી અંગેના હોઈ તે ખાતાને બંધનકર્તા રહેશે નહીં. તેમજ તેમાં દર્શાવેલ ખાસ મથકેની સ્પેશીફીકેશન મુજબનો માલ નહીં મળે તોતે સ્પેશીફીકેશન પ્રમાણેનો ખાતુ માન્ય દરે તે અન્ય જગ્યાએથી લાવી આપીશું. જે માટે કોઈ વળતરનો કલેઈમ મુકવામાં આવશે નહીં.

ઠેકેદારની સહી

## DECLARATION CERTIFICATE

I/We hereby declare that my/our near relatives are not working in the Division or in its Sub-Division as an Executive Engineer/ Deputy Executive Engineer, Store Keeper, Manager of Atithi/ Vishram gruh and in the circle as a Superintending Engineer at today.

## કબુલાત/ એકરાર પ્રમાણપત્ર

એ આથી એકરાર કરું છું/ કરીએ છીએ કે, અમારા/ મારા નજકીના સગા આ વિભાગીય કચેરીમાં તેમજ તે હેઠળની પેટા વિભાગીય કચેરીમાં કાર્યપાલક, નાયબ કાર્યપાલક, મદદનીશ ઈજનેર, વિભાગીય હિસાબીનશ, સ્ટોર કીપર, અતિથિ / વિશ્રામગૃહોમાં મેનેજર તથા વર્તુળ કચેરીમાં અધિક્ષક ઈજનેરશ્રી તરીકે હાલ ટેન્ડર ભરવાની તારીખે કામ કરતા નથી.

ઠેકેદારની સહી

## ઈજારદારશ્રીઓ માટે વિશેષ નોંધ

ઉપરોકત ટેન્ડરનીઆઈટમોના ભાવ ભરતી વખતે ઈજારદારશ્રીએ નીચેની બાબતોની ખાસ નોંધ લેવી.

(૧) બાંધકામમાં વાપરવામાં આવનાર ઈંટો ચિમની ભઠ્ઠાની તથા સ્પેશ્યલ કપચી, ગીટ, રેતી વિગેરે મટીરીયલ્સ સદર કામના ટેન્ડરના સ્પેશીફીકેશન પ્રમાણેનું ઉચ્ચ ગુણવત્તા ધરાવતું લાવવાનું રહેશે. (સ્પેશ્યલ કક્ષા)

(૨) લાકડાની આઈટમમાં ઉપયોગમાં લેવાનું લાકડું સ્પેશિફીકેશન પ્રમાણેનું ફકત સાગનું જ લાવવાનું રહેશે.

(૩) બારી–બારણાની ફ્રેમ અને શટર માટે ઉપયોગમાં લેવામાં આવનાર એલ્યુમીનીયમ સેકશન આઈટમના સ્પેશિફીકેશન પ્રમાણેની સાઈઝનું અનેએકમ વજનનું હોવું જરુરી છે. તેમજ જે તે એલ્યુમીનીયમ સેકશન સક્ષમ કક્ષાની પાસે મંજુર કરાવીને જ વાપરવાનું રહેશે.

(૪) સેનેટરી મટીરીયલ્સ સ્પેશિફીકેશનમાં દર્શાવ્યા પ્રમાણેની સાઈઝનું–ધોરણવાળા અને સક્ષમ કક્ષાએ મંજુર કરેલ સેમ્પલ મુજબના જ લાવવાના રહેશે.

(૫) બારી–દરવાજાના ફિકચર–કાસ્ટનીંગ સ્પેશિફીકેશન પ્રમાણેના ધારા–ધોરણવાળા અને સક્ષમ કક્ષાએ મંજુર કરેલ સેમ્પલ મુજબના જ લાવવાના રહેશે.

(૬) સદર કામમાં વાપરવામાં આવનાર ફલોરીંગ માટેની ટાઈલ્સ અને કોટા સ્ટોન સ્પેશિફીકેશન પ્રમાણેના જ જાડાઈના અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા હોવા જોઈએ અને સેમ્પલ સક્ષમ કક્ષાએ મંજુર કરાવ્યા મુજબનો જથ્થો લાવવાનો રહેશે.

(૭) બાંધકામમાં વાપરવામાં આવનાર માલસામાન એન્જીનીયર ઈનચાર્જ ધ્વારા એપ્રુવ્ડ સેમ્પલ મુજબનો વાપરવાનો રહેશે.

(૮) સંપુર્ણ કામની વર્કમેનશીપ લાઈન લેવલમાં હોવી જોઈએ તેમજ પોલીશીંગ અને ફિનિશીંગની કામગીરી ઉચ્ચ કક્ષાની કરવાની રહેશે.

(૯) ટેન્ડર સાથે યંત્રો , ઓજારો તથા ચાલુ હાથ પરના કામોની વિગત ઈજારદારશ્રી ધ્વારા પુરી પાડવાની રહેશે.

(૧૦) બિલ દર મહિને રજુ કરવા બાબત આગલા માસમાં કરી આપેલ બધા કામ માટે હવાલાના ઈજનેરે નકકી કરેલ હોય તે તારીખ અથવા તે પહેલાં દર મહીને કોન્ટ્રાકટરે બિલ રજુ કરવાનું રહેશે. અને એ કામની ખરાઈ કરવાના ઉદ્દેશ્યથી હવાલાના ઈજનેર જરુરી માપ લેશે. અથવા લેવડાવશે. અને બિલ રજુ થયા બાદ ગ્રાન્ટ અથવા એન.ઓ.સી. ઉપલબ્ધ થયે તેનું ચુકવણું કરવામાં આવશે. કામ થયા બાદ તેના બિલનું ચુકવણું વિલંબથી થાય તો તે અંગે કોઈ વ્યાજ ચુકવવા પાત્ર બનશે નહી. ઉપર જણાવ્યા મુજબના નિયત સમયની અંદર કોન્ટ્રાકટર બિલ રજુ નહી કરે તો હવાલાના ઈજનરે પોતાના તાબાના કોઈપણ અધિકારીને કોન્ટ્રાકટરે અધિકૃત કરેલ એજન્સીની હાજરીમાં ઉકત કામનું માપ લેવા મોકલશે અને તેવી માપયાદી પરની કોન્ટ્રાકટરની કે તેના એજન્ટની સહી, તેના અનુમોદન માટે પુરતી ગણાશે, અને હવાલાના ઈજનેર આવી યાદીમાંથી બીલ બનાવશે, જે કોન્ટ્રાકટરને બધી બાબતમાં બંધનકર્તા રહેશે.

ઠેકેદારની સહી

કાર્યપાલક ઈજનેર
પાટનગર યોજના વિભાગ નં.૧
ગાંધીનગર.

# INSTRUCTION OF PERSON TENDERING

## WATER SUPPLY

For all purpose connected with the work, the contractor is required to make his own arrangement for sufficient supply of water in such quantity and of such quality and at such places on the work as may be necessary. The rates quoted in the tender are for completed items of works and shall cover cost of water as aforesaid.

The Department may supply the water to the contractor, if so requested to him and if available near by department source. However, if his request is accepted, the department will in now may be found to continue supply, if arranged, till completion of work and it may be discontinued at any time after giving twenty four hours notice.

If the water is supplied by the Department the charge will be levied at Rs.5 per Rs.1000 of the cost of work done. The amount of water charges will be deducted by the Department.

The department will give one water supply connections free of cost from the main line or place as it is convenient to the department. The contractor shall have to make his own arrangement for laying the required pipe line from the connection, the same will be given if possible, on payment of necessary charges for the additional connection, as may be decided by the Department.

Dated Signature
Of the contractor

Executive Engineer,
Capital Project Division No.1,
Gandhinagar.

**કોન્ટ્રાક્ટરો ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં. ટીએનસી–૧૦૯૮–આઈબી–૨૨૦–(૧૮)–સ, તા. ૧૭–૧૨–૮૮ પ્રમાણેની શરતોએ ખુલ્લા બજારમાંથી સીમેન્ટ તથા લોખંડ આ કામે ખરીદવાના રહેશે.**

(૧) ઠેકેદારોએ આઈ.એસ. પ્રમાણપત્રવાળો તથા મુળ મુખ્ય ઉત્પાદક કંપનીમાંથી સીધી રીતે સીમેન્ટ મેળવવાનો રહેશે. તેથી ખરાઈ માટે તેના ચુકવણીના બીલો સંબંધિત કાર્યપાલક ઈજનનેરશ્રીને રજુ કરવાના રહેશે અને સીમેન્ટ સ્થળ (સ્ટોર) ઉપર લાવ્યા બાદ ખાતા તરફથી જરુરીયાત પ્રમાણે ટેસ્ટ કર્યા બાદ યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવી કામમાં વાપરવાનો રહેશે. જો સીમેન્ટ યોગ્યતા પ્રમાણે નહી હોયતો ઠેકેદારને સીમેન્ટ તાત્કાલિક સ્થળ પરથી પોતાના ખર્ચે દુર કરવાનો રહેશે.

(૨) લોખંડની ખરીદી સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા અથવા અન્ય મુળ ઉત્પાદક કંપનીઓ પાસેથી જ ઠેકેદારો કરે અને તેના ચુકવણાના વાઉચરોપણ ખરાઈ માટે રજુ કરે તે કાર્યપાલક ઈજનેરશ્રી જોવાનું રહેશે. તેમજ લોખંડ યોગ્ય ગુણવત્તાવાળું છે કે નહી તેની ખરાઈ ખાતા મારફતે થઈ ગયા બાદ જ ઉપયોગમાં લેવાનું રહેશે અને તેના ટેસ્ટ રીપોર્ટ પણ ઈજારદારે રજુ કરવાનો રહેશે. જે લોખંડનો જથ્થો ટેસ્ટ કરાવ્યા બાદ કામમાં વાપરવા લાયક ગણાશે નહી. તે જથ્થો ઠેકેદારે પોતાના ખર્ચે કામની સાઈટ ઉપરથી ઉપાડી જવાનો રહેશે.

ઠેકેદારની સહી

કાર્યપાલક ઈજનેર
પાટનગર યોજના વિભાગ નં.૧
ગાંધીનગર.

**ખાસ શરત**

પાટનગર યોજના વર્તુળ હસ્તકના કામો માટે સરકારશ્રી ધ્વારા નિમવામાં આવેલ કન્સલ્ટન્ટ / સ્થપતિ / કા.ઈ.શ્રી / ના.કા.ઈ.શ્રી ધ્વારા આ કામોમાં સમયાંતરે નિરિક્ષણ કરવામાં આવશે અને આ નિરીક્ષણ ધ્વારા સુચવવામાં આવેલ સુચનો જેવા કે માલસામાનની ગુણવત્તા, કામની ગુણવત્તા, લાઈન લેવલ, વર્કમેનશીપ વગેરે ઈજારદારને બંધનકર્તા રહેશે, અને ઈજારદારે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) આ કામના કલરકામ માટે જરૂરી " કલર" નો જથ્થો લાવતા પહેલા ઈજારદારે હાલ ઉપલબ્ધ બજારમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કલર પૈકીમાંથી એક કંપનીનો કલર કાર્યપાલક ઈજનેર પાસે એપ્રુવ કરાવવાનો રહેશે. કલર ઈજારદારશ્રીએ લાવવાનો રહેશે. ઈજારદારશ્રીએ કલર કામની આઈટમ માટે જે કલરનો કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા એપ્રુવ કંપનીનો જથ્થો લાવી સંલગ્ન સેકશન ઓફિસરને જમા કરાવવાનો રહેશે. આ જથ્થો કલર કામની આઈટમની કામગીરી માટે જરૂરીયાત મુજબ ઈજારદારને ઈસ્યુ કરી કામ કરાવવાનું રહેશે. આ અંગે આવક જાવકનું રજીસ્ટર વર્ક આસીસ્ટન્ટ ધ્વારા નિભાવવાનું રહેશે.

(૨) કાર્યપાલક ઈજનેર ધ્વારા એપ્રુવ કરેલ કંપનીના કલર ઈજારદારે આ કામમાં જરૂરી કલરના જથ્થાના ઓછામાં ઓછા ૫૦ ટકા સાઈટ પર લાવીને સેકશન અધિકારીને જમા કરાવવાનો રહેશે.

(૩) આ કામના કલરની આઈટમની કામગીરી માટે ઈજારદારે જમા કરાવેલ કલરનો જથ્થો આવક જાવકના રજીસ્ટરમાં લઈ કામમાં જરૂરીયાત મુજબ જ કામના હવાલાના વર્ક આસીસ્ટન્ટ / સેકશન ઓફિસર ધ્વારા ઈજારદારના કામ માટે ઈસ્યુ કરવાનો રહે અને આ જ કલર ધ્વારા કલર કામ હાથ ધરવાનું રહેશે.

ઉપર મુજબની પધ્ધતિ હાલ સિમેન્ટ વપરાશમાં અનુસારવામાં આવતી પધ્ધતિ મુજબ અનુસરવાની રહેશે.

ક્રોન્ટ્રાકટરની સહી

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં. ૧,
ગાંધીનગર.

**રસ્તા, પુલો તથા મકાન બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મુકવા બાબત.**

ગુજરાત સરકાર,
જાહેર બાંધકામ વિભાગ,
પરિપત્ર નં. બીડીજી–૩૨૭૭(૧૬૫૭)–ન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬–૪–૧૯૭૮

**પ રિ પ ત્ર :**

જાહેર બાંધકામ વિભાગ મારફત થતાં રસ્તા, પુલો તથા મકાનોના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશનની માહિતી જાહેર જનતાને જે તે કામના સ્થળ ઉપર જાણ માટે મળી શકે તથા જાહેર જનતા તે અંગે યોગ્ય સુચનો કરી શકે તેમાટે કામના સ્થળ ઉપર સરળ ભાષામાં બોર્ડ મુકવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી, સરકારે આ અંગે યોગ્ય વિચારણા કરી ઠરાવેલ છે કે આ વિભાગ તરફથી કરવામાં આવતા રસ્તા, પુલો તથા મકાનોના કામો માટેની નીચે જણાવ્યા મુજબની વિગતો દર્શાવતા બોર્ડ કામના સ્થળ ઉપર જાહેર જનતાની જાણ માટે મુકવા.

**જાહેર વિજ્ઞપ્તી**

આ ...................................................... રસ્તા, પુલોનું તથા મકાનોનું કામ ગુજરાત રાજયના જાહેર બાંધકામ વિભાગ હેઠળના ....................................... વિભાગ હેઠળ .................................. પેટા– વિભાગ હસ્તક ચાલે છે.

આ કામના સામાન્ય સ્પેશીફીકેશન નીચે પ્રમાણે છે.

**(૧) રસ્તા અંગેના સ્પેશીફીકેશન :**

૧. ઓવરસાઈઝ મેટલનું........................સે.મી. દબાવેલ જાડો દર.
૨. મેટલ.......................સે.મી. દબાવેલ જાડો દર.
૩. પેઢીનું નામ ....................................................
૪. ડામરની સપાટી પોણા ઈંચની જાડી કારપેટ ૧૦સે.મી.માં.. ......... કપચી................ ગ્રીટ............. આસ્ફાલ્ટ વાપરીને કરવાની છે.

**(૨) પુલનું કામ :**

૧. પુલના................. ગાળા દરેક.................... મીટર લંબાઈની.
૨. પીયર કેપનું કોન્ક્રીટ ૧:૨:૪ ના પ્રમાણમાં,
૩. સ્લેબનું કોન્ક્રીટ ૧:૨:૪ હાઈગ્રેડ કવોલીટી કન્ટ્રોલ ૧૫૦/૨૦૦ એમ.એમ.
૪. પુલના પાયાનો કોન્ક્રીટ ૧:૩:૬ ના પ્રમાણમાં થાંભલા એને એબટમેન્ટનું કોન્ક્રીટ ૧:૩:૬ ના પ્રમાણમાં.

**(૩) મકાનો :**

૧. પાયાનું કોન્ક્રીટ પથ્થરનું ૧:૩:૬ નું પ્રમાણ.
૨. ઈંટોનું ચણતર અને ૧ અને ૬ નું પ્રમાણ.
૩. ભોયતળીયું ૧:૨:૩ નું ચુનાનું કોન્ક્રીટ કે ૧:૪:૮ સીમેન્ટનો કોન્ક્રીટ ઉપર ૧ ઈંચ ................ સાઈઝની મોઝેક ટાઈલ્સ.
૪. બારી–બારણા સાગી લાકડાના.
૫. આર.સી.સી. કામ ૧:૨:૪ કે ૧૫૦ એમ.કે. ૨૦૦ એમ.નું

આ કામની વિગતે સ્પેશીફીકેશન નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી................................. ................. પેટા–વિભાગની કચેરીએ ઓફીસના સમય દરમ્યાન કોઈપણ સમયે જોઈ શકાશે.

તો માહિતી માટે તે અધિકારીનો સંપર્ક સાધવો.

આ કામની માલીક જાહેર જનતાની છે અને કામમાં કોઈ ક્ષતિ કે અનિયમિતતા જણાય તો તે બાબતમાં જાહેર બાંધકામ વિભાગના અધિક્ષક ઈજનેરશ્રી........................................................................ જેઓની કચેરી............................................................ સ્થળ છે. તેમનું ધ્યાન દોરવા વિનંતી છે.

ઠેકેદારની સહી

કાર્યપાલક ઈજનેર
પાટનગર યોજના વિભાગ નં.૧
ગાંધીનગર.

માર્ગ અને મકાન વિભાગ
ક્રમાંક – ટી.એન.સી–૨૨૮/પુ.ઓ. ૩૯(૧૯) સ
૧૪, સરદારભવન, સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૨૩–૧૦–૮૯

**પ રિ પ ત્ર :**

**વિષય :** રાજય સરકારનાં બાંધકામ માટે વપરાતા ખનિજોની રોયલ્ટી ભરવા બાબત.

**સંદર્ભ :** સરકારશ્રીના તારીખઃ ૨૫–૨–૮૭ના પત્ર.

**ક્રમાંક :** ટી.એ.સી.– ૨૨૮૬/પુ.ઓ. ૧૯ (૧૯/સ)

ઉધોગ, ખાણ અને ઉર્જા વિભાગના ઉપરોકત વિષય અને પરત્વેના તા. ૧–૧–૮૭ના ઠરાવ ક્રમાંકઃ એમ.સી.આર.–૨૧૬૮/છ ની નકલ તેમાં જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવાની સૂચના સાથે આ વિભાગના સંદર્ભ હેઠળના પત્રથી સર્વ અધિકારીઓને મોકલવામાં આવેલ છે. તારીખઃ ૧–૧–૮૭ના રોજ સચિવશ્રી, ઉધોગ, ખાણ અને ઉર્જા વિભાગની ચેમ્બરમાં મીટીગ યોજવામાં આવેલ જેમાં કોન્ટ્રાકટરોના હાજર રહેલ પ્રતિનિધિઓને સાંભળીને ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય કરવામાં આવેલ છે.

(૧) રૂા. ૨.૦૦ લાખ (બે લાખ) થી વધુ અંદાજી રકમના કામો હોય તેવા કામો માટે કાર્યપાલક ઈજનેરશ્રી કામનો વર્ક ઓર્ડર આપે કે તુરતજ તે કામના શીડયુલ બી ની નકલ જે તે વિસ્તારના મદદનીશ નિયામક અથવા જીઓલોજીસ્ટ અથવા આસીસ્ટન્ટ જીઓલોજીસ્ટ અથવા ભુસ્તર અને ખનીજ શાખાના જીલ્લા કચેરીના વડા જેઓ કલેકટરશ્રીની કચેરીમાં બેસે છે. તેમને આપવાની રહેશે.

(૨) રૂા. ૨.૦૦ લાખ (બે લાખ) થી ઉપરના કામના કોન્ટ્રાકટરોએ તેઓએ ખરીદેલ ખનીજના જથ્થા અને તે કયાંથી ખરીદે છે? તે વેચનારની વિગતો દર્શાવતા બીલોની નકલો તથા પત્રકના રૂપમાં દર ત્રણ માસ ઉપર (૧) માં દર્શાવેલ અધિકારીને પુરી પાડવાની રહેશે. આ બીલમાં વેચનારનું નામ, સ્થળ, તારીખ અને માલ લેનારનું નામ અને જથ્થા વગેરે દર્શાવેલા હોવા જોઈએ.

(૩) જરૂર પડયે જરૂરી કીસ્સામાં ઉપર

(૧) માં દર્શાવેલ અધિકારીશ્રી તરફથી વધુ માહિતી વિગત માલ કે બીલના સબંધમાં માંગવામાં આવે તો જે તે કાર્યપાલક ઈજનેરશ્રી, ખનીજ ખાતાના અધિકારીને તે કોન્ટ્રાકટર પાસેથી માંગવામાં મદદ કરશે. જો આવી માહિતી સમયસર આપવામાં ન આવે કે કોઈ કાર્યપાલક ઈજનેરશ્રી, તરફથી આ અંગે સહકાર ન મળે તો ખનિજ વિભાગના અધિકારી આ બાબત નિયામકશ્રીના ધ્યાન પર મુકશે. જેઓ આ અંગે ઉધોગ, ખાણ અને ઉર્જા વિભાગ તથા જે તે સંબંધિત વિભાગના સચિવશ્રીના ધ્યાન પર મુકશે, અને આવા પત્ર મળ્યેથી સંબંધિત વિભાગના સચિવશ્રી, જે તે કાર્યપાલક ઈજનેરશ્રીને તાત્કાલિક માહિતી પુરી પાડવા સુચના આપશે.

(૨) આ પ્રથા અમલી બનતા આ પરીપત્રની તારીખથી સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગેના પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં.

(૩) આ પરીપત્રની તારીખથી આ પ્રથા અમલી બનાવવામાં આવે છે. તે પહેલા કોન્ટ્રાકટરે જે માલ વાપર્યા હોય તેના સંબંધમાં "નો ડયુ સર્ટીફીકેટ" તે વખતની પ્રજા મુજબ મેળવવાનું રહેશે.

(૪) માર્ગ અને મકાન વિભાગ કે અન્ય વિભાગ હસ્તકની કામગીરી સરકારી કચેરીઓમાંથી કોન્ટ્રાકટરે ઉપાડેલ/ વાપરેલ ખનીજ રોયલ્ટી કોન્ટ્રાકટર ભરપાઈ કરી આપે તે જોવાની જવાબદારી જે તે વિભાગની રહેશે.

(૫) હવે પછી ઉપર પ્રમાણે કાર્યવાહી કરવા આથી સર્વેને સુચના આપવામાં આવે છે.

**રસ્તા, પુલો તથા મકાન બાંધકામની  વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મુકવા બાબત.**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃટીએનસી–૧૦૯૦–૨૪–સ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭–૧૧–૧૯૯૦

**સંદર્ભ :** જા.બાં.વિ.ના પરિપત્ર ક્રમાંકઃબીસીજી–૩૨૭૭–(૧૫૬) તા.૨૬–૪–૧૯૭૮.

**ઠ રા વ :**

રસ્તા, પુલો તથા મકાનોના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મુકવા અંગે સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રથી જરુરી સુચનાઓ આપવામાં આવેલ છે. આવા કામની વિગત દર્શાવતાં બોર્ડ મુકવા અંગેનો ખર્ચ વિભાગ તરફથી કરવામાં આવતો હતો. કામ પુર્ણ થયા બાદ બોર્ડ બિન જરુરી પડી રહેતા હતા. આવો ખર્ચ નિવારવાની બાબત સરકારશ્રી વિચારણામાં હતી. પુર્ણ વિચારણાના અંતે આથી ઠરાવવામાં  આવે છે કે જયારે આવુંબોર્ડ કામ રાખનાર ઠેકેદારે તેમના ખર્ચે મુકવાનું રહેશે. કામ ચાલુ કરવાનો હુકમ આપવામાં આવે તે પહેલા આ બાબતની જરુરી સંમતિઓ ઈજારદાર પાસેથી લેખિતમાં લેવી તેમજ કોન્ટ્રાકટ ધ્વારા આવું બોર્ડ મુકવામાં આવે તેઅંગે પુરતી કાળજી રાખવી.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રીની તા. ૧૫–૨–૯૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના  નામે,

(પ્ર.ર.ચોકસી)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

**પ્રતિ,**

– રાજયપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
– મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– બધા મંત્રીશ્રીઓના અંગત સચિવ, ગાંધીનગર સચિવાલય બધા વિભાગો.
– એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ બધા ખાતાના વડાઓ, બધી કચેરીના વડાઓ.
– સર્વે અધિક્ષક ઈજનેરશ્રી(મા.મ.)વર્તુળ/ વર્તુળ/પંચાયત/ .ધો.મા.વર્તુળ/ એ.વે.વર્તુળ/ વિદ્યુત વર્તુળ સહિત
– સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગો.

**રસ્તા, પુલો તથા મકાન બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મુકવા બાબત.**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃટીએનસી–૧૦૯૦–૨૪–સ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮–૧૧–૧૯૯૧

**સંદર્ભ :** સરકારશ્રી સરખા ક્રમાંકનો તા. ૨૭–૧૧–૯૦ નો ઠરાવ.

**આમુખ :** રસ્તા, પુલો તથા મકાનના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર બોર્ડ મુકવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે રસ્તા, પુલો તથા મકાનોના કામનો વર્ક ઓર્ડર મળ્યા પછી તુરત જ કામના સ્થળે કરવાના કામના સ્પેશીફીકેશન અંગેનું બોર્ડ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે મુકવાનું રહેશે.

ઉપરોકત શરત ટેન્ડરમાં ભાગ તરીકે ગણવાની રહેશે અને ટેન્ડરમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.

આ હુકમોનો અમલ હુકમો રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા. ૧૧–૯–૯૧ ના સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

આ હુકમો માર્ગ અને મકાન વિભાગના બધાજ કામોને લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/–
એ.જી.દોશી
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

**બાંધકામ કોન્ટ્રાકટર માટે સિકયોરીટી ડીપોઝીટ સ્વીકારવાની પ્રથામાં અંશતઃ ફેરફાર કરવા બાબત.**

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૧–૮–૧૯૯૪

**વંચાણે લીધા :** સરકારશ્રીનો સરખો ક્રમાંક ઠરાવ તા. ૪–૫–૯૩

**આ મુ ખ :**

કોન્ટ્રાકટરોને આપવામાં આવતાં કામો માટે કિયોરીટી ડીપોઝીટની પ્રથમ ૫૦% રકમ નાની બચત સ્વરૂપે અથવા સરદાર સરોવર નર્મદા નિગમની બાંધી મુદતની થાપણ (ડીપોઝીટ)ના સ્વરૂપમાં ઈજારદારોએ કામનાં કરાર કરતા પહેલાં જમા કરવાની રહેશે અને આ ડીપોઝીટની મુદત ઓછામાં ઓછી બે વર્ષની રહેશે. તેમ ઉપર જણાવેલ સરકારશ્રીના સરખા ક્રમાંકના ઠરાવ તા.૪–૫–૯૮માં ઠરાવવામાં આવેલ છે.

સરદાર સરોવર નર્મદા નિગમ સરકારશ્રીના આ ડીપોઝીટની મુદત જે હાલ બે વર્ષની છે તે એક વર્ષની કરવા માટેની થયેલ રજુઆતનાં આધારે ૪–૫–૯૩ ના ઠરાવમાં અંશતઃ ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ય વિચારણાને અંતે સરકારના બાંધકામોના કોન્ટ્રાકટ માટે સીકયોરીટી ડીપોઝીટ સ્વીકારવાની પ્રવર્તમાન તા.૪–૫–૯૩ના સરખા ક્રમાંકના ઠરાવ મુજબની પ્રથા નીચે મુજબ ફેરફાર કરવા અંગેનું ઠરાવે છે.

(૧) સીકયોરીટી ડીપોઝીટની પ્રથમ ૫૦ ટકા રકમની નાની બચતના સ્વરૂપે અથવા સરદાર સરોવર નર્મદા નિગમની બાંધી મુદતની થાપણ (ડીપોઝીટ) ની મુદત ઓછામાં ઓછી એક વર્ષની રહેશે.

(૨) સીકયુરીટી ડીપોઝીટની બાકીની ૫૦% રકમ ઈજારદારના બીલમાંથી વસુલ લેવાની પ્રવર્તમાન પ્રથા ચાલુ રહેશે. આ રકમ સામે કેટલાક ઈજારદારો બેન્ક ગેરંટી રજુ કરે છે. આ રકમ પણ નો ઈજારદાર સંમતિ આપે તો સરદાર સરોવર નર્મદા નિગમની બાંધી મુદતની થાપણ (ડીપોઝીટ) અથવા નાની બચત સ્વરૂપે ફેરવવામાં આવશે.

આ હુકમનો આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઈલ ૫રની નાણાં વિભાગની તા.૨૧–૭–૯૪નાં રોજની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવમાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીનાં નામે અને તેમનાં હુકમથી,

સહી/–
પ્રા.લી.પારેખ
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

**વિષય :** રસ્તા, પુલો તથા મકાનોના બાંધકામની વિગતો તથા સ્પેશીફીકેશન અંગેના કામના સ્થળ ઉપર મુકવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી–૧૦૯૦–૨૪–સ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૭–૮–૨૦૦૨

**સંદર્ભ :**
(૧) જાહેર બાંધકામ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ બીડીજી–૩૨૭૭–(૧૬૫)–ન તા.૨૬–૪–૭૮
(૨) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી–૧૦૯૦–૨૪–સ
(૩) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી–૧૦૯૦–૨૪–સ તા.૧૮–૧૧–૯૧
(૪) માર્ગ અને મકાન વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએનસી–૧૦૯૭–સ તા.૨૨–૭–૯૮

**૫ રિ ૫ ત્ર :**

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ હેઠળના પરિપત્રથી રસ્તા, પુલ અને મકાનોના કામોના વર્કઓર્ડર આપ્યા બાદ તુર્તજ કામના સ્થળે કામની વિગત તથા સ્પેશીફીકેશન દર્શાવતું બોર્ડ ઈજારદારશ્રીની સ્વખર્ચે મુકવાની સુચના આપવામાં આવે છે. તા.૧૮–૧૧–૯૧ ના ઠરાવ અનુસાર આ બોર્ડ મુકવાની શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવા પણ ઠરાવવામાં આવેલ છે.

આમ છતાં સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે અમલ કરવામાં આવતો નથી. જે યોગ્ય ન હોઈ આથી આપના કાર્યક્ષેત્રના રૂા.૫૦ લાખ વધારે અંદાજી કિંમતના કામો ઉપર સંદર્ભીત સુચનાઓનો ચુસ્તપણે અમલ થાય તેની દરેક અધિક્ષક ઈજનેરશ્રી / કાર્યપાલક ઈજનેરશ્રી / નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને સુચના આપવામાં આવે છે.

કામની વિગતનો નમુનો આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

ઉપરોકત સુચનાઓનો અમલ ચુસ્તપણે થાય તેની કાળજી રાખવાની રહેશે.

સહી/–
(ચ.મ.ભટ્ટ)
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ.

**બિડાણ :** પરિશિષ્ટ

**પ્રતિ,**
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વર્તુળ / પંચાયત (મા.મ) વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ / રા.મા.યો.વર્તુળ / એકસપ્રેસ પેટા વર્તુળ / પાટનગર યોજના વર્તુળ અને વિદ્યુત મા.મ.વર્તુળ સી'ટઉ
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.
પ્રોજેકટ શાખાઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સીલેકટ ફાઈલ–૨૦૦૨

**રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજની રોયલ્ટી ભરવા બાબત.**

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એમએમઆર/૧૧૨૦૦/૨૦૧૩/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧–૯–૨૦૦૪

**વંચાણે લીધાઃ**

(૧) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એમસીઆર–૨૧૬૮–૭૩૮૦–છ, તા.૧૨–૧૨–૧૯૬૯

(૨) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એમસીઆર–૨૧૬૮–૮–૬૬૮૫–છ, તા.૧–૧–૧૯૮૭

(૩) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એમસીઆર–૨૧૮૮–(૮)–૬૫–છ, તા.૨૫–૧–૧૯૯૧

(૪) ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એમસીઆર–૧૦૯૭–૨૮૫૬–છ, તા.૬–૧૧–૧૯૯૭

(૫) માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ એમ્પાવર્ડ કમીટીની તા.૧૮–૬–૨૦૦૪ ની બેઠકની કાર્યવાહીની નોંધ.

**ઠ રા વ :**

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના સંદર્ભ – (૩) હેઠળના ઠરાવની એવી જોગવાઈ કરવામાં આવેલ કે, રાજય સરકારના, પંચાયતોના અને સરદાર સરોવર નર્મદા નિગમના બાંધવમાં આવતાં રસ્તાઓનાં કે સિંચાઈ વગેરેના કામો માટે જયારે સાદી માટી (ઓર્ડીનરી કલે અર્થ) અને (સોફટ) મુરમ વાપરવામાં આવે ત્યારે ગુજરાત ગૌણ ખનિજ નિયમ, ૧૯૬૬ મુજબ રોયલ્ટી લેવાના નિયમો લાગુ પડશે નહીં. એટલે કે આ કામો માટે કોન્ટ્રાકટરો પાસે સાદી માટી (આર્ડીનરી કલે–અર્થ) અને (સોફટ) મુરમ માટે રોયલ્ટી લેવાની થશે નહી તથા સંદર્ભ (૪) હેઠળના વિભાગના તા.૬–૧૧–૯૭ના ઠરાવથી ગુજરાત વિધુત બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતાં કામો માટે પણ ઉપર મુજબ રોયલ્ટી મુકિતનો લાભ આપવામાં આવેલ.

ઉપર્યુકત જોગવાઈઓના કારણે રાજયમાં ગેરકાયદેસશ રીતે આ ખનિજોનો વપરાશ થતો હોવાનું જણાવેલ છે. જેના પરિણામે રાજય સરકારે રોયલ્ટીની આવક ગુમાવવી પડે છે માટે ઉપરોકત હુકમોની જોગવાઈની સમીક્ષા કરી તે દુર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તા.૧૮–૬–૨૦૦૪ના રોજ માન.મુખ્ય મંત્રીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ એમ્પાવર્ડ કમીટીની બેઠકમાં નકકી થયા મુજબ સંદર્ભ–૩ તથા સંદર્ભ–૪ હેઠળના વિભાગના તા.૨૫–૧–૯૧ તથા તા.૬–૧૧–૯૭ના ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/–
(આર.બી.વ્યાસ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**પ્રતિ,**

– મા. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મા.મુખ્યમંત્રીશ્રીનું કર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
– રાજય કક્ષાના મંત્રીશ્રી (ઉદ્યોગ અને ખાણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
– અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્રસચિવશ્રી, ઉર્જા અને પ્રેટ્રોકેમીકલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્રસચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– અગ્રસચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સચિવશ્રી, નર્મદા અને જળ સંપત્તિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સભ્યસચિવશ્રી, ગુજરાત વિધુત બોર્ડ, રેસકોર્સ, વડોદરા.
– સચિવાલયના સર્વે વિભાગો.
– એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
– વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– સર્વ મુખ્ય ઈજનેરશ્રીઓ.
– કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગર.
– મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
– ડાયરેકટર એકાઉન્ટન્ટ એન્ડ ટ્રેઝરી, ગાંધીનગર.
– રાજયના સર્વે ખાતાના વડાઓ.
– સર્વે કલેકટરશ્રીઓ
– સર્વે મામલતદારશ્રીઓ/ મહાલેખાકારશ્રીઓ.
– સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
– સર્વે તાલુકા વિકાસ અધિાકારીશ્રીઓ.
– સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, જળ સંપત્તિ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા વિભાગ.
– સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ જળ સંપત્તિ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા વિભાગ.
– સર્વે વન સંરક્ષકશ્રીઓ
– સર્વે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રી, કલેકટર કચેરી (ખનિજ શાખા)
– પે એન્ડ એકાઉન્ટસ ઓફીસર ગાંધીનગર/ સિલેકટ ફાઈલ.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ટીએનસી–૧૦–૨૦૨–(૧૪)–સ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૭–૪–૨૦૦૫.

**વિષય :** રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજની રોયલ્ટી ભરવા બાબત.

**સંદર્ભ :** ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમએમઆર–૧૧૨૦૦૦–૨૦૧૩–છ તા.૧–૩–૨૦૦૪.

**પ રિ પ ત્ર :**

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના તા.૨૫–૧–૯૧ના ઠરાવ ક્રમાંકઃ એમસીઆર– ૨૧૮૮–(૮)–છ અન્વયે રાજ્ય સરકારના પંચાયતોના અને સરદાર સરોવર નર્મદા નિગમના બાંધવામાં આવતાં રસ્તાઓના કે સિંચાઈ વિગેરેના કામો માટે જયારે સાદરી માટી (ઓર્ડીનરી કલે–અર્થ) અને (સોફ્ટ) મુરમ નાંખવામાં આવે ત્યારે ગુજરાત ગૌણ ખનિજ નિયમ–૧૯૬૬ મુજબ રોયઇલ્ટી લેવાના નિયમો લાગુ પડશે નહિ એટલે કે આ કામો માટે કોન્ટ્રાકટરો પાસે માટી (આર્ડીનરી કલે–અર્થ) અને (સોફ્ટ) મુરમ માટે રોયલ્ટી લેવાની થશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ. હવે ઉપર સંદર્ભમાં દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧–૯–૨૦૦૪ના ઠરાવથી તા.૨૫–૧–૯૧નો ઠરાવ રદ કરવામાં આવેલ છે.

આથી હવે બી.૧ ટેન્ડરના ફોર્મનાં ખંડ–૩૬ અને બી.૨ ટેન્ડર ફોર્મમાં ખંડ–૩૫માં નીચે મુજબ સુધારા કરવામાં આવે છે.

રાજય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજની રોયલ્ટી બાબત.

(૧) તા.૧–૯–૯૧ના ઠરાવ મુજબ ..................................... મુરમ સિવાયના કામ સુધીના શબ્દો રદ કરી ફકત નીચે મુજબ જોગવાઈ અમલમાં રહેશે.

(૨) ગૌણ ખનીજ બાબતમાં ગુ.ગૌ.અ.નિ. ૧૯૬૬ અને તેના અનુસંધાનમાં વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો લાગુ પડશે અને તે મજુબ લીઝ કે પરમીટ લેવાનું અને રોયલ્ટી ભરવાની રહેશે. (ઉદ્યોગ અને ખાપ વિભાગ ઠરાવ ક્રમાંકઃ એમએમઆર–૧૧–૨૦૦૦–૨૦૧૩–છ, તા.૧–૯–૦૪)

સહી/–
(અશોક પંડયા)
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ

**પ્રતિ,**
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
(મા.મ.વર્તુળો/ પંચાયત (મા.મ) વર્તુળા/એકસપ્રેસ વે વર્તુળ/ રાજય માર્ગ યોજના વર્તુળ/
રાષ્ટ્રીય ધોરી માર્ગ વર્તુળો/ પાટનગર યોજના વર્તુળ સહિત)
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (ઉપરોકત વર્તુળો હેઠળના તમામ વિભાગો સહિત)
**નકલ રવાના :**
– ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– નિયામકશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ કોલેજ, ગાંધીનગર.
– મેનેજીંગ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લી. ગાંધીનગર.
– માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગર.
– મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સીલેકટર ફાઈલ.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ એસ.એસ.આર–૧૦૨૦૦૪–આઈબી–૪૧(૨૪) સ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨–૧૨–૨૦૦૬

**વિષયઃ** મકાનો અને અન્ય બાંધકામના કામદારોના કલ્યાણ સેસ એકટ ૧૯૯૬ હેઠળ ૧% સેસ "ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલફેર બોર્ડ"માં જમા કરાવવા અંગે.

**સંદર્ભઃ** (૧) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃ સીડબલ્યુએ–૨૦૦૬–૮૪૧–એમ–૩ તા. ૩૦–૧–૨૦૦૬
(૨) શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો ઠરાવ ક્રમાંકઃ સીડલબ્યુએ–૨૦૦૬–૧૯૩૧–એમ–૩, તા. ૯–૧૨–૨૦૦૫

**પ રિ પ ત્ર :**

ઉપરોકત વિષયના સંદર્ભમાં દર્શાવેલ શ્રમ અને રાજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૦–૧–૨૦૦૬ તથા. તા. ૯–૧૨–૨૦૦૫ના ઠરાવો (નકલ સામેલ છે. ) તરફ સર્વે સંબંધિતોનું ધ્યાન દોરતાં આથી જણાવવામાં આવે છે કે મંજુર કરાતા ડ્રાફટ ડેન્ડર્સ પેપર્સમાં "સેસ" અંગે જોગવાઈ કરીને ઈજારદારોના દર મહિને કરેલ કામના બિલોના ચુકવણામાંથી ૧ (એક) ટકો સેસ કાપીને તે રકમ ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ વેલફેર બોર્ડ" ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી નિયત કરેલ હેડ–સબ હેડ ખાતે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા જમા કરાવવાની રહેશે. હવે પછીના જે નવા અંદાજો મંજુર કરવામાં આવે તેવા અંદાજની દરેક આઈટમના ભાવોમાં ૧% વધારો કરીને વધારેલ ભાવ મુજબ અંદાજો મંજુર કરવાના રહેશે તથા ડ્રાફટ ટેન્ડર્સ પેપર્સમાં તે મુજબ રકમ મુકવાની રહેશે.

આ સુચનાઓનો અમલ ચુસ્ત પણે થાય તેની દરેક દરેક સંબંધિતોને નોંધ લઈ તે મુજબ કાર્યવાહી અચુક રીતે હાથ ધરવાની રહેશે.

સહી/–
(અશોક પંડયા)
ઉપસચિવ
માર્ગ અને મકાન વિભાગ.

**નકલ રવાના :**

– સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વર્તુળ/ પંચાયત મા.મ.વર્તુળ, ને.હા.વર્તુળ, એકસપ્રેસવ
– વર્તુળ, રા.ધો.મા.યો. વર્તુળ તથા ઈલેકટ્રીક મા.મ.વર્તુળ, સહિત
– સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, ઉપરોકત વર્તુળો હસ્કના સર્વે વિભાગો
– વિભાગના દરેક તાંત્રિક અધિકારીઓ, ના.કા.ઈ.શ્રીઓ સહિત મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**મશીન ક્રશ્ડ સ્ટોન એગ્રીગેટના ફલેકીનેશ અને ઈલોન્ગેશન ઈન્ડેક્ષના સંયુકત ધોરણો અપનાવવા બાબત.**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિત્ર ક્રમાંક : એસ.ઓ.આર – ૧૦૨૦૦૬/૧૦૪/સ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૧/૨૦૦૭

<u>પ્રસ્તાવના :–</u>

'મશીન ક્રશ્ડ સ્ટોન એગ્રીગેટ એ બાંધકામમાં વપરાતુ મુખ્ય મટીરીયલ્સ છે. આ 'મટીરીયલ્સ' માટેના ગુણવતાના વિવિધ ધોરણો પૈકીનો એક 'ફલેકીનેશ અને ઈલોન્ગેશ ઈન્ડેક્ષ (સંયુકત' છે જે મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ (ફીચત ૬ જ) ધ્વારા પ્રકાંશીત સ્પેશીફીકેશન ફોર રોડ એન્ડ બ્રીજ વર્કની ચોથી આવૃત્તિમાં દર્શાવ્યા અનુસાર ૩૦% થી વધુ ન હોવો જોઈએ. જયારે અગાઉ મીનીસ્ટ્રી ઓફ સરફેઈસ ટ્રાન્સપોર્ટની બીજી આવૃત્તિમા ફકત ફલેકીનેશ ઈન્ડેક્ષનું ધોરણ વધુમાં વધુ ૩૫% સુધીનું હતું. આમ સંશોધનો / અનુભવ તેમજ અધતન મશીનરીની ઉપલબ્ધીનો વ્યાપ/ સરળતા તેમજ આર્થિક પાસાઓને ધ્યાને લઈને ગુણવત્તાના ધોરણોમાં પણ નવા સુધારા / વધારા કરવામાં આવે છે. અગાઉના ફલેકીનેશ ઈન્ડેક્ષના ધોરણોમાં હવે ઈલોન્ગેશન ઈન્ડેક્ષ પણ જોડી સંયુકત ધોરણ દાખલ કરવામાં આવેલ છે. પરંતુ હાલ ગુજરાત રાજયમાં આવેલ ક્રશર યુનિટો પૈકીના મોટા ભાગના યુનિટો પરંપરાગત પધ્ધતિથી કાર્યરત છે. તેમાંથી નવા સંગુકત ધોરણો પરિપુર્ણ કરે તેવો ઉત્પાદિન માલ મળી શકતો નથી. જે એક વ્યવહારીક મુશ્કેલી છે. પરંપરાગત પધ્ધતિના ક્રશરમાં આ પ્રકારની મુશ્કેલીઓ આવે છે તે બાબતનો ઉલ્લેખ ટેકનીકલ જૅનલમાં પ્રસિધ્ધ થતા ટેકનીકલ પેપર્સમાં પણ થયેલ છે. આથી સંયુકત ધોરણો મેળવવા હાલના ક્રશર યુનિટોમાં સારા એવા પ્રમાણમાં સુધારા વધારા કરવા આવશ્યક બને તેમ છે. જેમાં વધારાનું નાણાંકીય રોકાણ પણ કરવું પડે તેમજ સમય પણ વ્યતિત થાય આથી ફલેકીનેશ તેમજ ઈલોન્ગેશન ઈન્ડેક્ષના સંયુકત ધોરણોનો અમલ કરવા (ઈજારદારોને) પૂરતો સમય આપવો પણ જરૂરી છે. તે ધ્વાને લઈ નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે ધ્વારા સ્પેશીફીકેશન ફોર રોડ એન્ડ બ્રીજ વર્કની સને ૨૦૦૧ ની ચોથી આવૃત્તિ અનુસાર મશીન ક્રશ્ડ સ્ટોન એગ્રીગેટ માટે ફલેકીનેશ તેમજ ઈલોન્ગેશન સંયુકત ઈન્ડેક્ષની મહત્તમ ૩૦ % ની મર્યાદાનું ધોરણ અપનાવવાનું નકકી કરવામાં આવેલ છે.

માર્ગ અને મકાન વિભાગ હસ્તક ચાલતા કામોમાં પ્રવર્તમાન સ્પેશીફીકેશન પ્રમાણે ફલેકીનેશ અને ઈલોન્ગેશનના સંયુકત ઈન્ડેક્ષની મહત્તમ મર્યાદા ૩૦ % રાખવામાં આવે છે.

ગુજરાત રાજયમાં મોટા ભાગના ક્રશીંગ યુનિટો ખાનગી માલિકીના છે અને તેમાં જરૂરી યાંત્રિક ફેરફારો કરવામાં આવે તો સંયુકત ઈન્ડેક્ષના ધારા ધોરણો જળવાઈ રહે તેવો માલ મળી શકે.

ગુજરાત રાજયમાં ચાલતા ખાનગી મશીંગ મશીનોમાં જરૂરી યાંત્રિક સુધારા વધારા તા.૩૦/૯/૦૭ સુધીમાં કરવામાં આવે તો જ તા.૧/૧૦/૦૭ પછીથી માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓમાં વપરાતા અંગ્રીગેટની ગુણવત્તા ધારા ધોરણ મુજબની મળી રહે. આથી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

(અ) માર્ગ અને મકાન વિભાગમાં ચાલતા કામોના ઈજારદારોએ જે તે ક્રશીંગ યુનિટોમાં જરૂરી યાંત્રિક સુધારા વધારા થઈ ગયેલ છે અને ધારા ધોરણ મુજબની ગુણવત્તાના એગ્રીગેટ મળી રહે છે તેવું પ્રમાણપત્ર અધિક્ષક ઈજનેરશ્રી (યાંત્રિક) અમદાવાદ મા.મ.વર્તુળ, અમદાવાદનું હોય તેની પાસેથી જ માલ સામાન ખરીદ કરવાનો રહેશે. આ પ્રમાણિત થયેલ ક્રશીંગ યુનિટ સિવાયના કોઈપણ પ્રશર પાસેથી માલ સામાન સપ્લાય ન થાય તેની કાળજી લેવાની રહેશે. અધિક્ષક ઈજનેરશ્રી (યાંત્રિક) ધ્વારા સર્ટીફાઈડ ન થયેલ ક્રશીંગ યુનિટ પાસેથી આવેલ ધારા ધોરણ વગરનો માલ સામાન આઉટરાઈટ રીજેકટ કરવામાં આવશે.

(બ) માર્ગ અને મકાન વિભાગના એસ. ઓ. આર. માં તથા અંદાજોમાં એગ્રીગેટના ભાવમાં જરૂરી સુધારો વધારા કરીને તા.૧/૧૦/૦૭ થી અમલમાં લાવવાના રહેશે.

(ક) દરેક વિભાગીય કચેરીઓએ તેઓના તાબામાં જે જે ઈજારદારોની નોંધણી થયેલ છે તેઓને સદરહું સુચનાઓ અમલ કરવા માટે લેખિત કરવાની રહેશે તથા ખાનગી ક્રશીં યુનિટોને પણ આવી લેખિત જાણ કરવાની રહેશે. સદરહું સુચનાના અમલ માટે ખાનગી ક્રશર યુનિટો તેમજ ઈજારદારો સાથે દરેક વિભગીય કચેરીએ એક સંયુકત બંઠક કરીને સમજ આપવાની રહેશે. જેથી તા.૧/૧૦/૦૭ પછી માર્ગ અને મકાન વિભાગ હસ્તક ચાલતા કોઈપણ કામોમાં ધારા ધોરણ મુજબની ગુણવત્તા સિવાયનો માલ સામાન વાપરવામાં ન આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ઉપરોકત સુચનાઓની અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

(એસ. એ. ભટ્ટ)
ઉપસચિવ મુ.મ.
માર્ગ અને મકાન વિભાગ,

વર્તુળ કચેરી હસ્તકના **રૂા.૧** કરોડથી વધુ રકમના વાઈડનીગ અને સ્ટ્રેન્ધનીગના કામોમાં કોમ્પેકશનની કામગીરી અને સુચનાઓ.

**પરિપત્ર ક્રમાંક :** એસઆર–૧૦–૨૦૦૮–૧૮–સી
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૩–૧૦–૨૦૦૮

**પ રિ પ ત્ર :**

વર્તુળ કચેરી હસ્તકના રૂા.૧ કરોડથી વધુ રકમના વાઈડનીગ અને સ્ટ્રેન્ધનીગના કામોમાં કોમ્પેકશનની જે કામગીરી કરવામાં આવે છે, તેમા દરેક સ્તરનું કોમ્પેકશન વ્યવસ્થિત થાય તે જરૂરી છે. આ કામગીરીની ચકાસણી દરેક લેયરે ફરજીયાત પણે ડેન્સીટો મીટરથી ગ્રીડ પ્રમાણે ઈજારદારશ્રી પાસેથી તૈયાર કરાવીને મેળવવાની રહેશે. જેની ચકાસણી સંબંધિત નાયબ કાર્યપાલક ઈજનેર અને મદદનીશ/અધિક મદદનીશ ઈજનેરશ્રીએ પણ કરવાની રહેશે. ઈજારદારશ્રીએ કરેલ કામની ડેન્સીટી પુરેપુરી મળયા બાદ જ કિલયરન્સ અપાય અને ત્યારબાદ જ બીજા લેયરની કામગીરી હાથ ધરાય તે જોવાની આથી સુચના આપવામાં આવે છે.

ઈજારદારશ્રીને તેમણે કરેલ કામગીરી અંગે જયારે પણ બિલની ચુકવણી કરવાની થાય ત્યારે ઉપરોકત સુચવેલ પધ્ધતિ પ્રમાણેજે કામ કરવામાં આવે છે (કે કેમ?) તેની ખરાઈ દરેક અધિક્ષક ઈજનેરશ્રી પાસે કરાવ્યા બાદ જ બિલનું ચુકવણું કરવાનું રહેશે.

રૂા.૧ કરોડથી ઉપરના દરેક કામોમાંસાઈટ ઉપર ઈજારદારશ્રીનો એન્જીનીયર ફરજીયાત પણે હોવો જોઈએ અને આ ઈજનેનું ઓળખપત્ર પણ ઈજારદારશ્રીએ આપવાનું રહેશે અને આ ઓળખપત્રની એક નકલ સબંધિત અધિક્ષક ઈજનેરશ્રીની કચેરીમાં રાખવાની રહેશે. જો ઈજારદારશ્રીનો ઈજનેર સાઈટ ઉપર હાજર ન રહેતો હોય તો ઈજારદારશ્રીને જરૂરી નોટીસ પાઠવવાની રહેશે અને આમ છતાં પણ ઈજારદારશ્રી સાઈટ પર તેમનો ઈજનેર ન મૂકે તો તેમનું રજીસ્ટ્રેશન ૩ વર્ષ માટે રદ કરવા નિયમોનુસાર દરખાસ્ત કરવી. જયારે માત્ર વાઈડનીગની કામગીરી ઈજારદારે કરવાની હોય અને હયાત કેરેજવેની સ્ટ્રેન્ધનીગની કામગીરી કરવાની હોય ત્યારે ઈજારદારે વાઈડનીગની પહોળાઈમાં ધારાધોરણ મુજબના કોમ્પેકશન માટે બેબી રોલર લાવું ફરજીયાત રહેશે અને ઉપર જણાવ્યા પ્રમાણેની ચકાસણી પણ કરવાની રહેશે.

નવા ડીપીટી મંજુર થાય તેમા ઉપર મુજબની શરત ખાસ મુકવા તેમજ હાલ જે કામો પ્રગતિ હેઠળ છે. તેમાં પણ ઉપરોકત સુચનાઓ મુજબ ફરજીયાત પણે કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે.

સહી.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (એસ.પી)
માર્ગ અને મકાન વિભાગ

**પ્રતિ,**

– સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– સર્વે ઉપર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વર્તુલ / પંચાયત માર્ગ અને મકાન વર્તુળ / નેશનલ હાઈવે વર્તુળ / પાટનગર યોજના વર્તુળ / આલેખન (માર્ગ અને મકાન) વર્તુળ / રાજય માર્ગ યોજના વર્તુળ સહિત.
– સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, પંચાયત માર્ગ અને મકાન વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.

ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ ભૈતિક પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત.

**ગુજરાત સરકાર**
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮– (૬૧)– સ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭–૧૧–૦૮

**વંચાણે લીધોઃ** તા. ૧૮–૧–૦૮નો પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮–૫–સ.

**પ રિ પ ત્ર :**

ટેન્ડરમાં અસામાન્ય ઉંચા કે નીચા ભાવો ઈજારદારશ્રીઓ ધ્વારા ઘણી વાર ભરાતા હોવાનું સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે.આવા કિસ્સાઓમાં કામની નાણાંકીય પ્રગતિ અને ભૌતિક પ્રગતિનો સુમેળ ન રહેવાની સંભાવના રહેલી છે. આથી કામની ભૌતિક પ્રગતિ પ્રમાણે નાણાંકીય પ્રગતિ રહે કે જેથી સરકારશ્રી પર સમય પહેલાં અયોગ્ય નાણાંકીય બોજ ન પડે તે માટે નીચે મુજબની જોગવાઈ ટેન્ડરમાં કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ જોગવાઈ તમામ કામોના આ પરિપત્રની તારીખ પછી મંજુર થતાં ડી.ટી.પીમાં અચુક પણે કરવાની રહેશે.

**જો ગ વા ઈ :**

જે કોઈ આઈટમનો ભરેલ ભાવ તે આઈટમના ટેન્ડરમાં મુકેલ અંદાજીત ભાવ કરતાં ટેન્ડરમાં મૂકેલ અંદાજી રકમથી સમગ્ર ટેન્ડર જેટલા ટકા ઉંચુ કે નીચુ મંજુર થયુ હોય તે ટકાવારીથી ૧૦ % થી વધુ ઉંચો રહેતો હોય તો તેવી આઈટમનું ચુકવણું રનીંગ બિલ વખતે જો તે આઈટમ અંદાજીત ભાવ ત્ર +/- મંજુર ટેન્ડરની ટકાવારી + તે આઈટમના અંદાજી ભાવથી ૫ % ની મર્યાદામાં કરવામાં આવશે. આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પૂર્ણ થયે ફાઈનલ બિલ મંજૂર કરતી વખતે વ્યાજભારણ વગર છુટી કરવામાં આવશે.

**ઉ દા હ ર ણ :**

ઉકત જોગવાઈની સ્પષ્ટ સમજણ માટે આ સાથે આપેલ ઉદાહરણ ધ્યાને લેવું.

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેન્ડરમાં મુકેલ અંદાજી રકમ | : | રૂા. ૧૦૦/– |
| ૨ | મંજૂર થયેલ ટેન્ડરની રકમ | : | રૂા. ૧૧૦/– |
| ૩ | ટેન્ડરમાં મુકેલ અંદાજી રકમ સામે ખરેખર મંજૂર થયેલ ટેન્ડરની ટકાવારી | : | ૧૦ % |
| ૪ | ટેન્ડરની એક આઈટમનો ટેન્ડરમાં મુકેલ અંદાજી ભાવ | : | રૂા. ૧૦/– |
| ૫ | તે આઈટમનો ભરેલ ભાવ | : | રૂા. ૧૪/– |
| ૬ | તે આઈટમમાં ભરેલ ઉંચા ભાવની ટકાવારી | : | ૪૦ % |
| ૭ | તે આઈટમ માટે રીનીગ બિલ વખતે ચુકવવાપાત્ર ભાવ | : | રૂા. ૧૦ + કો.૩ પ્રમાણે ૧૦ % ઉંચા અંદાજી ભાવના ૫ % = રૂા. ૧૧.૫૦ |
| ૮ | ફાઈનલ બિલ વખતે વ્યાજ ભારણ વગર ચુકવવાપાત્ર થતો વીથ હેલ્ડ રાખેલ ભાવ | : | રૂા.૧૪.૦૦ – ૧૧.૫૦ રૂા. ૨.૫૦ |
| જો સદર આઈટમના ભાવ રૂા.૧૨.૦૦ કે તૈથી નીચો ભરેલ હોત તો રીનીંગ બિલમાં ભાવ કપાત આ જોગવાઈ કરવાની રહેત નહીં | | | |

સહી/–
( આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ.

**પ્રતિ,**
– તમામ અધીક્ષક ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ.
– તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ.

ઘણો જરૂરી/ખાનગી/રજીસ્ટર પોસ્ટ એ.ડી.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– ૨૪–૧૨–૨૦૦૯

**વિષયઃ–** માલસામાનના પરિક્ષણો માટે ખાનગી લેબોરેટરીઓના ભાવો નકકી કરવા બાબત.

**યા દી :–**

ઉપર્યુકત વિષયને લગતાં તેમના તારીખઃ ૬–૧૦–૦૯ ના પત્ર જા.નં.જી.૪૧/ટીસી/નડિયાદ/ટે.જનરલ/૧૦૬૯/સને'૨૦૦૯ તથા તા.૨૦–૧૦–૨૦૦૯ના પત્ર જા.નં.જી.૪૧/ટીસી/એન.ટે.જનરલ/૩૫૧/ સને'૨૦૦૯ ના અનુસંધાને અધિક્ષક ઈજનેરશ્રી, અમદાવાદ (મા.મ) વર્તુળ–૧, અમદાવાદને જણાવવાનું કે, આ સાથે સામેલ પત્રક–૨ માં દર્શાવ્યા મુજબ લેબોરેટરીના નામ તથા તેની સામે પૂર્વપાત્રતા લાયક ગણેલ મટીરીયલના ટેસ્ટ તથા પત્રક–૧ માં ટેસ્ટ વાઈઝ દર્શાવ્યા મુજબ સૌથી નીચા ભાવો ડી.ટી.પી. માં મુકેલ શરતો ઉપરાંત નીચેની શરતોને આધિન સરકારશ્રીએ મંજુર કરેલ છે.

**શરત :–**

(૧) લેબોરેટરીઓને/સંસ્થાઓને અપાયેલ માન્યતાએ માત્ર સરકારશ્રીની સગવડતા ગણાશે.

(૨) આ સંસ્થાઓને ગેરીના નિયત પત્રકો અનુસાર પરિક્ષણોની નોંધણી તથા પરિણામો આપવાના રહેશે.

(૩) આ સંસ્થાઓએ સરકારશ્રી ધ્વારા નિશ્ચિત ચકાસણી અધિકારી/અધિકારીઓને સંસ્થાની લેબોરેટરીની ચકાસણી દરમ્યાન પૂરેપૂરો સહકાર આપવાનો રહેશે.

(૪) ચકાસણી અધિકારીએ સૂચવેલ ઉણપ/ખામી દુર ન થાય ત્યાં સુધી સંબંધિત સંસ્થા / લેબોરેટરીએ ઉણપ / ખામી ધરાવતા પરિક્ષણો હાથ પર લેવાના રહેશે નહીં.

(૫) આ સંસ્થા/લેબોરેટરીએ નિયમાનુસાર પ્રુવીગ રીંગ તથા વજન કાંટાનું તથા અન્ય સાધનોનું સરકારશ્રી ધ્વારા માન્ય સંસ્થા પાસે કેલીબ્રેશન કરાવવાનું રહેશે અને તે અંગેની જાણ સરકારશ્રીને કરવાની રહેશે.

(૬) આ સંસ્થા/લેબોરેટરીની આકસ્મિક ચકાસણી દરમિયાન જો કોઈ અનિયમિતતા જાણવા મળશે તો તે સંસ્થા/લેબોરેટરીની માન્યતા આપોઆપ રદ થશે. માર્ગ અને મકાન વિભાનગના મુખ્ય ઈજનેરશ્રી અથવા અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાના અધિકારીઓની ખાનગી લેબોરેટરીની મુલાકાત દરમ્યાન ન્યુનતમ ધારા ધોરણો કરતાં સ્ટાફ તથા સાધન સામગ્રીમાં ઘટ માલુમ પડશે તો આ અધિકારીશ્રીનો અહેવાલ કમિટી સમક્ષ રજુ થયેથી તેના આધારે કમિટીના નિર્ણય બાદ ખાનગી લેબોરેટરીની માન્યતા રદ કરવામાં આવશે, આ ખાનગી લેબોરેટરીને આગામી ત્રણ વર્ષ સુધી માન્યતા મળશે નહી.

(૭) જયારે માલસામાન પરિક્ષણ દરમ્યાન ફેઈલ જતો હોય તો ત્યારે તેની તાત્કાલિક જાણ આ સંસ્થા/લેબોરેટરીએ ગુણવત્તા નિયમન તથા કામના સબંધિત મુખ્ય ઈજનેરશ્રીને કરવાની રહેશે.

(૮) ગુણવત્તા નિયમન ધ્વારા કે તકેદારી આયોગ ધ્વારા જો કોઈ પરિક્ષણ સૂચવવામાં આવશે ત્યાં તે પરિક્ષણ દરમ્યાન તેમની હાજરી નિર્દેશ થઈ હોય તો પરિક્ષણનો સમય જણાવવાની જવાબદારી આ સંસ્થા/લેબોરેટરીની રહેશે.

૨. આ આદેશો અગ્ર સચિવશ્રી (નાણાં વિભાગ)ની તારીખઃ ૧૫–૧૨–૨૦૦૯ ના રોજ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલમાં મેળવવામાં આવેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

૩. ડી.ટી.પી. તથા આનુષાંગિક દસ્તાવેજો આ સાથે પરત કરવામાં આવે છે.

**બિડાણ:** પત્રક–૧
(સ્ટેટવાઈઝ મંજુર થયેલ સૌથી નીચા ભાવો)
તથા પત્રક–૨
(લેબોરેટરીવાઈઝ પરમીટ કરેલ ટેસ્ટ)

(એચ.સી.મોદી)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,
અમદાવાદ (મા.મ) વર્તુળ–૧,
અમદાવાદ

**નકલ રવાનાઃ–**
(૧) સંયુકત નિયામકશ્રી (રસ્તા) ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, "ગેરી" વડોદરા
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઈ) ગુજરાત રાજ, અમદાવાદ
(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, ખેડા માર્ગ અને મકાન વિભાગ, નડીયાદ
(૪) ગુણવત્તા નિયમન, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર
(૫) બ–શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) ઝ–શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) શાખા સિલેકટ ફાઈલ

બાંધકામના મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ ૮૦ % પરીક્ષણ સ્થળ પર તથા ૧૦ % પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરી/ગેરી ધ્વારા તથા ૧૦% ગેરી લેબોરેટરીમાં કરાવવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૦૭/૨૮/સ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૩૧–૧૨–૨૦૦૯

**પ રિ પ ત્ર :**

બાંધકામ મટીરીયલ્સ તેમજ કોમ્પોનેન્ટસના સેમ્પલની ગુણવત્તા માટેના પરિક્ષણ હાલ ગેરી કે સરકાર માન્ય સંસ્થા (લેબોરેટરી) મારફતે કરવામાં આવે છે, કામોની પ્રગતિની સમીક્ષા દરમ્યાન ક્ષેત્રિય અધિકારીઓ તરફથી જાણવા મળેલ છે કે ઉકત હયાત પ્રક્રિયામાં ટેસ્ટીંગના પરિણામો વિલંબથી મળે છે. જેમાં સમય પણ ખૂબ વ્યતિત થાય છે. ઈજારદાર એસોસીએશન તરફથી આવી રજુઆતો મળે છે, આથી આ મુશ્કેલી ધ્યાને લેતાં ઈજારદારશ્રી ધ્વારા જે તે કામ માટે સ્થાપવામાં આવતી લેબોરેટરીમાં સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવે તો વિલંબ નિવારી શકાય તે બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની નીતિ હાલના તબકકે અનુસરવા નકકી કરવામાં આવ્યું છે.

નીચે જણાવેલ પરીક્ષણોમાં પ્રવર્તમાન પધ્ધતિમાં ફેરફાર કરી ફ્રીકવન્શી અનુસાર જરુરી પરિક્ષણો પૈકી ૧૦ % સરકાર માન્ય લેબોરેટરી/ગેરી તથા ૧૦ % ગેરી લેબોરેટરી અને ૮૦ % ફીલ્ડ લેબોરેટરી ધ્વારા કરાવવાના રહેશે. પરંતુ ગેરીમાં નીચેના દરેક પૈકી ઓછામાં ઓછું ૧ (એક) પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરવાનું રહેશે તથા ઓછામાં ઓછું એક પરીક્ષણ ગેરી/ સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવવાનો રહેશે. જેમાં નીચે દર્શાવેલ પરીક્ષણકો સ્થળ પર કરવાના રહે છે.

| | | |
|---|---|---|
| એ | એગ્રીગેટ | (૧) ગ્રેડેશન<br>(૨) ફલેકીનેશ અને ઈલોગેશન વેલ્યુ<br>(૩) ઈમ્પેકટ વેલ્યુ<br>(૪) વોટર અબસોર્પશન |
| બી | માટી | (૧) ફિલ્ડ એફડીડી અને એફએમસી<br>(૨) સીવ એનાલીસીસ |
| સી | રેતી | (૧) ગ્રેડેશન |
| ડી | ઈંટો | (૧) ડાયમેનશન અને ટોલરન્સ ટેસ્ટ<br>(૨) વોટર અબસોર્પશન |
| ઈ | ક્રોકીટ | (૧) નોન ડીસ્ટ્રીકટીવ ટેસ્ટ (એલ્ટ્રા સોનીક ટેસ્ટીંગ પધ્ધતિથી)<br>(૨) સ્લમ્પ ટેસ્ટ<br>(૩) કોમ્પ્રેસીવ સ્ટ્રેન્થ |
| એફ | બીટયુમીનસ મીકસ | (૧) ડામરની ટકાવારી |
| જી | ડ્રાય મીક્ષ મટીરીયલ | (૧) ગ્રેડેશન |

**શ ર તો :**

૧. ઈજારદારે કામની ગુણવત્તા માટે ધારા ધોરણ પ્રમાણેની અને ઉપર જણાવેલ પરિક્ષણો માટે પ્રમાણિત થયેલ જરૂરી તમામ સાધનો સહિતની ફિલ્ડ ટેસ્ટીંગ લેબોરેટરી સ્વખર્ચે કામના સ્થળે યોગ્ય જગ્યા ઉપર સ્થાપવાની રહેશે. રસ્તાના કામ માટે લાગુ પડતા પ્લાન્ટના સ્થળને કામનું સ્થળ ગણી શકાય. પરંતુ કામનું સ્થળ લેબોરેટરીથી દૂર હોય તો ઈજારદારશ્રી ધ્વારા મોબાઈલ લેબોરેટરીની જરૂરી વ્યવસ્થા રાખવાની રહેશે.

૨. કાર્યપાલક ઈજનેરશ્રી જયારે સ્થળ પર તેઓનું ચેકીંગ કરવા જાય ત્યારે ટેસ્ટીંગ તેઓએ તેમની રૂબરૂમાં પણ કરાવવાનું રહેશે.

૩. ધારા ધોરણ પ્રમાણેના પરીક્ષણોની સંખ્યા પૈકી ૮૦ % પરીક્ષણ ફિલ્ડ લેબોરેટરીમાં ઈજારદારના અધિકૃત કવોલીફાઈડ ઈજનેર જેઓને સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ I-CARD આપેલ હોય તેમના ધ્વારા ખાતાના નાયબ કાર્યપાલક ઈજનેર/મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેરની હાજરીમાં જ કરવાના રહેશે અને પરિણામોમાં સંયુકત સહીઓ કરવાની રહેશે જયારે ૧૦ % પરિક્ષણ ગેરી/સરકાર માન્ય લેબોરેટરી (ઓછામાં ઓછું એક પરીક્ષણ) અને ૧૦ % ગેરી લેબોરેટરી (ઓછામાં ઓછું એક પરીક્ષણ) મારફતે કરાવવાના રહેશે.

૪. કુલ પરિક્ષણોના ૮૦ % પરિક્ષણ એક જ સ્થળે એક જ સમયે એક જ તબકકામાં નહી કરતાં કામની પ્રગતિ મુજબ જે તબકકાએ જે તે કામગીરીને અનુરૂપ જે મટીરીયલ્સ વાપરવાનું થતું હોય તદ્અનુસાર શરૂઆતના તબકકામાં રાખવું વચ્ચેના તબકકામાં તેમજ આખરી તબકકામાં કરાવવાનું રહેશે. આમ છતાં આ બાબતે સ્થાનિક કક્ષાએથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને જરૂરીયાત મુજબ તબકકાવાર પરીક્ષણો નકકી કરવાના રહેશે.

૫. ગુણવત્તા નિયમન ધારા–ધોરણ પ્રમાણેના બધા જ રજીસ્ટર નિયમિત રીતે નિભાવવાના રહેશે, અને તે જે તે સ્થળે લેબોરેટરી ઉપલબ્ધ રહે તેમ રાખવાના રહેશે.

૬. જો કોઈ કારણસર ટેસ્ટીંગના સાધન અપ્રાપ્ય હોય અથવા વસાવવામાં સમય જાય તેમ હોય કે વ્યવહારૂ ન હોય (જેમ કે ઈલેક્ટ્રોમેટિક બેરીંગ) તો આવા પરીક્ષણો ગેરી/સરકાર માન્ય સંસ્થાઓમાં કરાવી શકાશે. અને આ બાબતનો નિર્ણય સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી/નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ કરવાનો રહેશે. ગેરીમાં ન થઈ શકે તેવા ટેસ્ટ સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવી શકાય.

૭. વિભાગના ક્ષેત્રિય તાંત્રિક સ્ટાફે નાયબ કાર્યપાલક ઈજનેર/મદદનીશ ઈજનેર/અધિક્ષક મદદનીશ ઈજનેરએ તેમજ ઈજારદારના તાંત્રિક સ્ટાફ ધ્વારા ગેરીમાં પરીક્ષણ જાતે કરવાનો સંતોષકારક અનુભવ મેળવી આ બાબતનું ગેરીનું પ્રમાણપત્ર પણ મેળવવાનું રહેશે. જે તે જિલ્લા/પ્રાદેશિક સ્તરે ગેરીની લેબોરેટરીમાં કોર્ષ કન્ડકટ કરવા માટે જરુરી ફી જે તે વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીએ ચુકવવાની રહેશે અને આ કાર્યવાહી સમયબધ્ધ પુર્ણ થાય તે માટે સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીએ આ કામગીરીનો વખતો વખત સમીક્ષા કરવાની રહેશે.

૮. આ પરિપત્રથી ઉપર જણાવેલા પરીક્ષણો પૈકી ૮૦ % પરીક્ષણો ક્ષેત્રિય લેબોરેટરીમાં કરવાનો સમય તા.૧/૧/૨૦૧૦થી કરવાનો રહેશે.

૯. ગેરીમાં ટેસ્ટીંગ કરાવતાં સમયે ગેરીનો ટેસ્ટીંગ ચાર્જ ત્વરીત ભરવાનો રહેશે. જેથી પરીક્ષણના પરીણામો સમયસર મેળવી શકાય.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

**પ્રતિ,**

૧. માન.મંત્રીશ્રી(મા.મ.)વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારું.
૨. મુ.ઈ.શ્રી (મા.મ) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. મુ.ઈ.શ્રી (પંચા) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. મુ.ઈ.શ્રી (ને.હા.) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. મુ.ઈ.શ્રી (પા.યો) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. મુ.ઈ.શ્રી (ગુ.નિ) અને અ.સ.શ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. નિયામકશ્રી( એસટીસી) સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર.
૮. મુ.ઈ.શ્રી (પીએનપી) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. નાણાંકીય સલાહકારશ્રી (મા.મ.વિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. સર્વે અ.ઈ.શ્રીઓ મા.મ.વર્તુળ,પેટા/મા.મ.વર્તુળ/ને.હા.વર્તુળ/ એકસપ્રેસ–વે–વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.
૧૧. સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ ઉપર્યુકત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.
૧૨. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈ.શ્રીઓ સહિત)
૧૩. સર્વે પ્રોજેકટ શાખાઓ (રસ્તાને લગતી) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સીલેકટર ફાઈલ.

ટેન્ડરમાં ભરેલ અસામાન્ય ઉંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાંકીય પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત.

**ગુજરાત સરકાર**
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮– (૬૧)– સી
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૩–૦૫–૨૦૧૩

**વંચાણે લીધોઃ** પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૦૮–(૬૧)–સી તા.૨૭–૧૧–૨૦૦૮

**આમુખઃ–**

ટેન્ડરમાં ઈજારદારશ્રીઓ ધ્વારા ભરાતા Imbalance ભાવો વાળા ટેન્ડરના કિસ્સાઓમાં ઈજારદારશ્રીઓ ધ્વારા ઉંચા ભાવની આઈટમોની કામગીરી કર્યા બાદ નીચા ભાવની આઈટમોની કામગીરી ન કરવામાં આવે તેવી પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા માટે તા.૨૭–૧૧–૨૦૦7૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ. આ પરિપત્ર અંગે વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતા અનેતેના પર પુખ્ત વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંતોષકારક રીતે પુર્ણ થયે ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છૂટી કરવામાં આવશે. તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો :–**

" આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકિય પ્રગતિનાં પ્રમાણસર રનીંગ બીલમાંથી છૂટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કિસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સામે વીથહેલ્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીંગ બીલમાંથી છૂટી કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્રના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંકઃ ૮ રદ કરવામાં આવે છે.

ઉપરોકત સુધારો અમલ આ પરિપત્રની તારખ પછી મંજુર થતા ડી.ટી.પી.માં અચૂકપણે કરવાનો રહેશે.

સહી/–
( આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ.

**પ્રતિ,**
– સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ (પાટનગર યોજના વર્તુળ), નેશનલ હાઈવે વર્તુળ સહિત)
– સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ (પંચાયત) મા.મ.વિભાગ.
– સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ.
– સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (પંચાયત), મા.મ.વિભાગ

**નકલ રવાના :**
– અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
– સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ
– સર્વે તાંત્રિક ઉપ સચિવશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ.
– નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ.
– નાણા શાખા, માર્ગ અને મકાન વિભાગ
– નાયબ સેકશન અધિકારીશ્રી, સી–શાખા, મા.મ.વિભાગ, સિલેકટ ફાઈલ.
– શાખા સિલેકટ ફાઈલ–૨૦૧૩

**પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક ગેરેન્ટી મેળવવા બાબત.**

**ગુજરાત સરકાર**
